Letter No: WCDD/0234/06/2023   Dt: 21-06-2023

જર્જરીત આંગણવાડી કેન્દ્રની છતમાંથી પોપડા પડતા ઈજાગ્રસ્ત તેડાગર બહેનને રૂ.૫૦,૦૦૦/-ની સહાય બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક:WCDD/AMR/e-file/23/2022/0445/B1

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

1. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો તા.૧૯/૦૪/૨૦૨૨નો હુકમ ક્રમાંક:એચઆરસી/૨૦૨૧/ પ્રેસ/૪૬/લીગલ-૩.
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૫/૧૦/૨૦૨૨નો પત્ર ક્રમાંક:મકમ-૩/આઇસીડીએસ/રજુઆત/આ.વા.કા.તે/ઈજાગ્રસ્ત/રૂ.૫૦,૦૦૦/-સહાય/જિ.મહીસાગર/૨૦૨૨

પ્રસ્તાવના

વંચાણે લીધા (૧) પરના હુકમથી મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ઘાટડા ગામે જર્જરીત આંગણવાડી કેન્દ્રની છતમાંથી પોપડા પડતા ઈજાગ્રસ્ત તેડાગર બહેનને રૂ.૫૦,૦૦૦/-ની સહાય ચૂકવવાનો હુકમ થયેલ હતો. આ હુકમના પાલન હેતુ વંચાણે લીધા (૨) પરના પત્રથી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા ઉક્ત રૂ.૫૦,૦૦૦/-ની સહાય મંજૂર કરવા દરખાસ્ત કરેલ હતી. જે અંગે નીચે મુજબની મંજૂરી આપવામાં આવે છે.

//હુકમ//

૨/- ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના હુકમના પાલન અર્થે મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ઘાટડા ગામે જર્જરીત આંગણવાડી કેન્દ્રની છતમાંથી પોપડા પડતા ઈજાગ્રસ્ત તેડાગર બહેનને રૂ.૫૦,૦૦૦/-ની સહાય જિલ્લાની કંન્ટીજન્સી ગ્રાન્ટના સદર જનરલ માંગણી નંબર ૧૦૬ (રેવન્યુ સ્ટેટ), મુખ્ય સદર ૨૨૩૬, પેટા મુખ્ય સદર ૮૦, ગૌણ સદર ૦૦૧ નિર્દેશ અને વહીવટ, પેટા સદર ૦૧ NTR 18, પગાર અને ભથ્થા, પીઓએલ, વગેરે (૧૦૦% રાજ્યનો બોજ), હેડ ચાર્જેબલ ૧૦૬ ૨૨૩૬ ૮૦ ૦૦૧ ૦૧ થી ચૂકવણાની મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ ઉપર સચિવશ્રીની તા.૨૦/૦૬/૨૦૨૩ના રોજ નોંધ પર મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, મહીસાગર.

(૫) પ્રોગ્રામ અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત મહીસાગર.

(૬) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર વેબસાઇટ પર મુકવા સારુ.

(૭) શાખા સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2023.06.21
17:39:16 +05:30

File No: WCDD/AMR/e-file/23/2023/0445/B1 Branch
Approved By: J I Leuva(US,B1 Branch,WCDD)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign